નેશનલ ન્યુટ્રીશન મિશન અંતર્ગત
રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ
ફરિયાદ નિવારણ સમિતિની
(Grievance Redressal Committee)
રચના કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસની વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૧૯-૪૮૯-બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૦૧/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીનાં ફાઇલ ક્ર: NNM/7/217-WBP DT.18-12-2017

(૨) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીનાં પોષણ અભિયન અંતર્ગત Citizen Engagement and Grievance Redressal Mechanism Guidelines

(3) ગુજરત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૮૧૦૩૧-બ તા.૦૮-૦૨-૨૦૧૮

આમુખ:

રાષ્ટ્રીય પોષણ મિશન હેઠળ વર્ષ:-૨૦૨૨ સુધીમાં રાષ્ટ્રીય સ્તરે ૦ થી ૬ વર્ષની ઉંમરનાં બાળકોનાં કુપોષણનાં સ્તરને ઘટાડવાનું/નિવારવાનું છે. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ થી તબક્કાવાર સમયસર સેવાઓ સંકલિત બાળ વિકાસ સેવા યોજના દ્વારા પુરી પાડવા અને તેનું સઘન મોનિટરીંગ કરવાનું છે. આ હેતુને યોગ્ય રીતે પાર પાડવા માટે નેશનલ લેવલે નેશનલ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટીની રચના ભારત સરકારે કરેલી છે.

વંચાણે લિધેલ (૧) પરત્વેના ભારત સરકારના તા.૧૮-૧૨-૨૦૧૭ ના પત્રથી નેશનલ ન્યુટ્રીશન મિશન ને વહીવટી મંજુરી આપવામાં અવેલ છે. વંચાણે લિધેલ (૨) પરત્વેના ભારત સરકારશ્રીની ગાઇડલાઇન અનુસાર રાજ્ય કક્ષાની અને જિલા કક્ષાની ફરિયાદ નીવારણ સમિતિની રચના કરવાની થાય છે. વંચાણે લિધેલ (૩) પરત્વેના તા.૮-૨-૨૦૧૮ ના ઠરાવ દ્વારા રાજ્ય સરકાર દ્વારા નેશનલ ન્યુટ્રીશન મિશન ના અમલીકરણ અંગે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નેશનલ ન્યુટ્રીશન મિશન હેઠળ ૦ થી ૬ વર્ષની ઉંમરનાં બાળકોનાં કુપોષણ નિવારવાનાં સદર અભિયાનનાં કાર્યો પરત્વે મળતી ફિરિયાદો અને અપીલોનાં સમય મર્યાદામાં નિકાલ માટે દેખરેખ રાખવા રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ફરિયાદ નિવારણ સમિતિની (Grievance Redressal Committee) રચના કરવા નક્કી કરેલ છે. રાજ્ય અને જિલ્લા કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિનાં સભ્યો અને તેનાં કાર્યો નીચે મુજબ છે.

**(૧) રાજ્ય કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ (State Grievance Redressal Committee - SGRC)**

| ક્રમ | હોદ્દેદારો | હોદ્દો |
|---|---|---|
| ૧ | કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ | ચેર પર્સન |
| ૨ | નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) | સભ્ય |
| 3 | અધિક નિયામકશ્રી (આરોગ્ય) | સભ્ય |
| ૪ | ગ્રામ વિકાસ વિભાગનાં પ્રતિનિધિ | સભ્ય |
| ૫ | શ્રમ અને રોજગાર વિભાગનાં પ્રતિનિધિ | સભ્ય |
| ૬ | આદિજાતિ વિકાસ વિભાગનાં પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | રાજ્ય ફરિયાદ નિવારણ અધિકારી (SGRO) નિયામકશ્રી (એન.એન.એમ) | કન્વીનર |

કાર્યો:-

- નિશ્ચિત અધિકારીઓ અને જિલ્લા કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિનાં ફરિયાદ નિવારણ કાર્યની દેખરેખ રાખવી પણ ફરિયાદ નિવારણ માટે સમયના વળતરની દેખરેખ રાખવા સુધી મર્યાદિત નથી
- જિલ્લા કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ દ્વારા અપીલ અંગે જે હુકમ કરેલ હોય તેના અપીલ અધિકારીશ્રી તરીકે કામગીરી કરવી
- અપિલ મળ્યેથી તેનાં નિકાલ અંગેની જરૂરી કાર્યવાહી ૩૦ દિવસના અંદર કરવાની રહેશે
- તમામ જિલ્લાઓમાં જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી નિયુક્ત કરવાના રહેશે.
- ફરીયાદ નિવારણ અંગે કરેલ કામગીરીનો માસિક અહેવાલ સેન્ટ્રલ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનીટ (મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી) ને મોકલી આપવાનો રહેશે.

**(૨) જિલ્લા કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ (District Grievance Redressal Committee -DGRC)**

| ક્રમ | હોદ્દેદારો | હોદ્દો |
|---|---|---|
| ૧ | એડીશનલ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ | ચેર પર્સન |
| ૨ | જિલ્લા સી.ડી.એચ.ઓ. | સભ્ય |
| ૩ | ગ્રામ વિકાસ વિભાગનાં પ્રતિનિધિ | સભ્ય |
| ૪ | શ્રમ અને રોજગાર વિભાગનાં પ્રતિનિધિ | સભ્ય |
| ૫ | આદિજાતિ વિકાસ વિભાગનાં પ્રતિનિધિ | સભ્ય |
| ૬ | રાજ્ય સરકારની એજન્સી અથવા અન્ય સબંધિત વિભાગના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી (DGRO)<br>જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી | કન્વીનર |

કાર્યો:-

- જિલ્લા કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિએ તેમના સંબંધિત જિલ્લાઓની ફરીયાદો સાંભળી અને તેના નિવારણની કામગીરી કરવાની રહેશે.
- ફરિયાદના રેકોર્ડની સમીક્ષા કરી અને તેનું પાલન થયેલ છે કે કેમ? તેની તપાસ કરવાની રહેશે.
- તાલુકા કક્ષાએ સંબંધિત ન્યાય ક્ષેત્રમાંની ફરીયાદો માટે બ્લોક કક્ષાના ફરિયાદ નિવારણ અધિકારી નિયુક્ત કરવાના રહેશે.
- ફરિયાદ વ્યવસ્થાપનનું સંચાલન કરવાના જરૂરી આદેશો કરવાના રહેશે
- ફરિયાદના કિસ્સામાં તાત્કાલિક નિવારણની આવશ્યકતામાં આંતરિક તકનીકો વિકસાવવી. જેથી ફરિયાદનું નિરાકરણ શક્ય તેટલા ઝડપી સમયમાં થઈ શકે.
- ફરિયાદના ડેટાબેઝની દેખરેખ રાખવી તથા બધી ફરિયાદોનું નિરાકરણ 30 દિવસની અંદર કરવામાં આવે તેની ખાત્રી કરવી.
- જિલ્લા કક્ષાએ જે ફરીયાદનું નિવારણ ન થાય તેને રાજ્ય કક્ષાએ મોકલી આપવાની રહેશે
- ફરીયાદોને તપાસી તેનો માસિક રિપોર્ટ રાજ્ય કક્ષાએ કરવાનો રહેશે

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(મ.બા.ક.) ની તા.૨૬/૧૧/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ARChristian
( અંકિતા ક્રિશ્ચિયન )
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર

૩. અગ્ર સચિવશ્રી, આયોજન ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૬. નિયામકશ્રી(એન.એન.એમ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૭. અધિક નિયામકશ્રી (હેલ્થ), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ની કચેરી, બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૮. સંયુક્ત નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૯. ઉપ સચિવશ્રી, ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, શાસ્ત્રી ભવન, નવી દિલ્હી-૧૧૦૦૦૧
૧૦. ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૫. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
૧૬. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૧૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૧૮. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
૧૯. વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ
૨૦. પ્રોગ્રામ અધિકારી, તમામ
૨૧. બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ –સંબંધિત જિલ્લાઓનાં ઘટકો (નિયામકશ્રી મારફત)
૨૨. સિલેક્ટ ફાઇલ